## <u>આંક–૦૧ ચાર્જશીટ લગત હુકમ</u>

કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપી સામેના આક્ષેપો જોતા આ કેસમાં પુરતા પ્રયત્નો કરવા છતાં લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી. તેને ધ્યાનમાં લેતા અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસોને આઈડેન્ટીફાઈ કરી તે અંગે પબ્લીક પ્રોસીકયુટરના ધ્યાન પર લાવવામાં આવેલ છે.

નામદાર માનવંત સર્વોચ્ચ અદાલતે પી. રામચંદ્રરાવ વિ. કર્ણાકટ રાજય ૨૦૦૨(૨) જી. એલ. આર. પાન નં.૧૫૪૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The criminal court should exercise their available powers, such as those under section 309, 311, 258 of the code of criminal procedure 1973 to effectuate the right to speedy trial " જે સિધ્ધાંત અત્રે ધ્યાને લેતા પ્રસ્તૃત કેસ જુનો છે તેમજ રેકર્ડ ધ્યાને લેતા આરોપી પર વારંવાર પ્રોસેસ કરવા છતાં બજવણી થતી નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી.

રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદી–ત.ક.અ. ધ્વારા ઈ.પી.કો ની કલમ–૨૭૯ લગાડેલ છે, જેમાં આરોપી એ પુરઝડપે અને ગાફલત ભરી રીતે વાહન ચલાવી ગુનો કર્યો હોવાનો આક્ષેપ છે. પરંતુ ઘણા લાંબા સમય થી આરોપી ને પ્રોસેસ બજતી નહોય તથા આરોપી નજીક ના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા ઓ જણાતી નથી.

જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીને અસર થતી હોય આવા કેસોના ભરાવાનું ભારણઓછું થાય અને ઈફેકટીવ કેસ તરફ પુરતું ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હીતમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની

કલમ–૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

(૧) આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ની કલમ–૨૫૮ અન્વયે સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે જો આરોપીએ જામીનગીરી રકમ રોકડમાં જમા કરાવેલ હોય તો તે રકમ સી. આર. પી. સી. કલમ–૪૪૬ મુજબ સરકારશ્રી ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે જો અન્ય કોઈ મુદામાલ હોય તો તેની માલીકી ની ખરાઈ કરી ને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. તદઉપરાંત અન્ય કોઈ વચગાળા નો હુકમ હોય તો તેને યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ભવિષ્યમાં આરોપી મળી આવે તો ફરિયાદ પક્ષ તેમનો કેસ રીઓપશન કરવાનો હકક અબાધીત રહેશ.

સદર હુકમ આજરોજ તા:૨૨/૦૬/૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલત સ્પે. સિટીંગમાં જાહેર કર્યો.

તા:૨૨/૦૬/૨૦૨૪
**ધોળકા–સ્પે.સિટીંગ**

**( એન.બી.મુનશી )**
**અધિક ચીફ જ્યુડી.જજ,**
**ધોળકા.**
**યુનીક કોડ જીજે ૦૦૭૩૫.**